
૧૧૯ C

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

# કુદરતમાં

1600082



સંપાદન:
ગિજુભાઈ
•
તારાબેન

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૪૩ મું
સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# કુદરતમાં

: લેખક :

ગિજુભાઈ

શારદા મંદિર
અમદાવાદ-૭
૧૬૭
બાલમંદિર

卐

સુધારેલી કિંમત
રૂ. ૦-૫૦
આર. આર. શેઠની કું. મુંબઈ-૨.

આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

૧૯૬૪]

: પ્રકાશક :
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

: મુદ્રક :
જુગલદાસ ચંપકલાલ મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

## અનુક્રમ

| | |
|---|---|
| તારા ચકચકે છે . . . . . | ૩ |
| ઝાડ હતું . . . . . . . | ૫ |
| ટાઢ ઊડી . . . . . . | ૬ |
| વસંત બેઠી . . . . . . | ૭ |
| વા આવ્યો ને ધૂળ ઊડી . | ૮ |
| વા વાયા ને વાદળ ઊમટયાં. | ૧૧ |
| વરસાદ વરસ્યો ને પૂર આવ્યું | ૧૩ |
| આસપાસમાં . . . . . | ૧૫ |
| વરસાદ . . . . . . . | ૧૭ |
| વરાપ થયો . . . . . . | ૨૩ |
| ટેકરીની સમૃદ્ધિ. . . . . | ૨૬ |
| મારું ઘર ગામ બહાર છે . | ૨૭ |

કુલ નકલ ૧૪,૭૫૫

પહેલી આવૃત્તિ
ચાર મુદ્રણો
કુલ ૪૬૦૫

બીજી આવૃત્તિ
પાંચ મુદ્રણો
૯૦૦૦ નકલો

છઠ્ઠું મુદ્રણ
૧૧૫૦ નકલ
૨૫-૧-૬૪

# કુદરતમાં

## તારા ચકચકે છે.

તારા ચકચકે છે.
સૂરજ ઝળહળે છે.
આંખો તગતગે છે.
આકાશે મેઘ ગડગડે છે.
વનમાં વા સસવે છે.
પાન ખરખર ખરે છે.

સાપ સળવળે કરતો જાય છે.
વરસાદ ઝરમર ઝરમર વરસે છે.

ચોર ખડબડ ખડબડ ખોદે છે.
ઉંદર દડબડ દડબડ દોડે છે.

કડકડતી ટાઢ પડે છે.
ભડભડતી આગ બળે છે.
ધડધડતો ધોધ પડે છે.
પાણી ખળખળ જાય છે.
રોટલા ટપટપ થાય છે.
ધાણી તડતડ ફૂટે છે.
રામુ ખડખડ હસે છે.
નાથો બકબક કરે છે.
ડોશી ટકટક કરે છે.
લાખો લખલખં કરે છે.
બિલાડી ચપચપ ચાટે છે.
ડીમો ડચડચ બોલે છે.
નાથી રમઝમ ચાલે છે.
હાથી ધમધમ ચાલે છે.
માખી ગણગણે છે.
મચ્છર બણબણે છે.

# ઝાડ હતું.

ઝાડ હતું. ડાળીઓ હતી. પાંદડાં હતાં.

વા વાય ને પાન ડોલે.
ટાઢ વાય ને પાન ધ્રૂજે.
મે' વરસે ને પાન નહાય.
તડકો પડે ને પાન સુકાય.

પાનખર આવી. પાંદડાં ખરવા માંડયાં. એક પડ્યું, બે પડયાં, ત્રણ પડયાં; કેટલાં ય પડયાં; બધાં યે પડયાં.

ઝાડ હતું, ડાળીઓ હતી; પાંદડાં ન હતાં.

વા વાય પણ કોણ ડોલે?
ટાઢ પડે પણ કોણ ધ્રૂજે?
વરસાદ આવે પણ કોણ નહાય?
તડકો પડે પણ કોણ સુકાય?

વસંત આવી. પાંદડાં આવવા લાગ્યાં. એક આવ્યું, બે આવ્યાં, ત્રણ આવ્યાં; કેટલાં યે

આવ્યાં; બધાં યે આવ્યાં.

વા વાયા ને પાન ડોલ્યાં.
ટાઢ પડી ને પાન ધ્રૂજ્યાં.
મે' વરસ્યો ને પાન નહાયાં.
તડકો પડયો ને પાન સુકાયાં.

ઝાડ હતું. ડાળીઓ હતી. પાંદડાં હતાં.

—x—

## ટાઢ ઊડી.

કડકડતી ટાઢ પડી.
સૂસવતો વા વાયો.
હાથપગ ધ્રૂજ્યા ને
દાઢી ડગડગી.

બળબળતી સગડી તાપ્યાં.
વાતોનાં ગપ્પાં હાંક્યાં.
ગરમ કપડાં પહેર્યાં ને
શાલદુશાલા ઓઢ્યા.

ટાઢ ઊડી ને વસંત બેઠી.
ઠંડી નથી લાગતી.
સગડી નથી તાપતાં.
ગરમ કપડાં કાઢી નાખ્યાં.
શાલદુશાલા મૂકી દીધાં.

## વસંત બેઠી

વસંત બેઠી. આંબે મોર આવ્યો. આંબાવાડિયું મઘમઘી રહ્યું. આંબેઆંબે ને ડાળેડાળે કોયલો કૂજી રહી.

વસંત બેઠી. પીંપરને નવાં પાન આવ્યાં. લીંબડે કૂંપળ કાઢ્યાં. ખાખરે કેસૂડાં ખીલ્યાં. ઝાડેઝાડે ડાળેડાળે વનસ્પતિની વાણી ફૂટી.

વસંત બેઠી. મોર ટૌક્યો. ચકલી ચકચકી. દેવચકલી બોલી. ઝાડેઝાડે ડાળેડાળે પક્ષીગાન થઈ રહ્યું.

વસંત બેઠી. ટાઢ ઊડી. ગુલાબી ઠંડી આવી. ઝાકળ ગઈ. ખુશનુમા વા વાયા. ઉષાના રંગ બદલાયા. કોમળ મધુર સૂરજ ઊગ્યો. ઝાડે-ઝાડે ડાળેડાળે પીળો તડકો પડવા લાગ્યો.

વસંત બેઠી. ઝાડે નવાં પાન આવ્યાં. પક્ષીકંઠે ગાન આવ્યાં. કુસુમકળીઓ ઊઘડી ગઈ. આંબે મોર ને લીમડે કોર આવ્યા.

વસંત બેઠી, વસંત બેઠી.

---

## વા આવ્યો ને ધૂળ ઊડી.

ભાલની ધૂળ: ખારની ધૂળ. ખોબા બે ખોબા નહિ, ગાડેગાડાં નહિ, ધૂળનો દરિયો જ કહો ને? દરિયો ઊછળે એમ ધૂળ ઊછળે.

વા આવ્યો ને ધૂળ ઊડી. ચડી ઊંચે ઊંચે. થયો ધૂળનો વંટોળિયો. વા ગોળ ગોળ ફરતો જાય ને ધૂળ ઊડતી જાય. ધૂળનાં જાણે

મોટાં ભૂંગળાં ને ભંગળાં!

વા વાયો ને ધૂળ ઊડી.

ચારેકોર ઊડી: ધૂળધૂળ! ધૂળનો ધુમ્મસ. ધૂળનો વરસાદ. ધૂળમાં કાંઈ દેખાય તો કે?

સરૂરૂરૂ કરતો વંટોળિયો આવ્યો ને બારી-બારણાં ફટાક ફટાક ભટકાવા લાગ્યાં. એ.... બધું ઊડવા લાગ્યું. લૂગડાં ઊડ્યાં; કાગળિયાં ઊડ્યાં; ઘરમાં રડબડ થઈ પડ્યું.

એકદમ બારણાં બંધ પણ કેવી રીતે કરવાં? ત્યાં તો ધૂળ ને પવન ઘરમાં પેસી ગયાં. ઘર આખું ધૂળ ધૂળ!

વા વાયો ને ધૂળ ઊડી.

મોઢા આગળ ધૂળ ને વાંસે વા. એ.... ચાલ્યો મોટો ધૂળનો તાબૂત! એ....ઊપડ્યું મોટું ધૂળનું વાદળ. એ....પણે રહ્યો ધૂળનો હાથી. ધૂળના મોટા ગોટેગોટા.

વા વાયો ને ધૂળ ઊડી.

---

રડબડ થઈ પડ્યું=વેરણછેરણ થયું

ઝાંખરાં ઊડ્યાં, જાળાં ઊડ્યાં, કાગળ ઊડ્યા, કો'કનાં સૂકવેલાં લૂગડાં ઊડ્યાં; ઝીણી ઝીણી કાંકરીઓ પણ ઊડી. નબળાં પાતળાં છોકરાં ય ઊડ્યાં! જાય બધું ભાગ્યું. મોટું જબરું વાવાઝોડું, મોટું જબરું ધૂળઝોડું!

વા વાયો ને ધૂળ ઊડી. ચારેકોર બસ, ધૂળ, ધૂળ!

અગાશીમાં ધૂળ, ફળિયામાં ધૂળ, રામજી ભટની પાઘડીમાં ધૂળ, સમરથ વહુના છાણના સૂંડલામાં ધૂળ, સુખલાના એકામાં ધૂળ, હરિ માળીનાં ફૂલમાં ધૂળ, વાણિયાના હાટમાં ધૂળ, બ્રાહ્મણના લોટમાં ધૂળ, સોનીની દુકાનમાં ધૂળ, ગાંઠિયા ઉપર ધૂળ પેંડા ઉપર ધૂળ, વોરાજીની રેંકડીમાં ધૂળ ધૂળ, ધૂળ, નરદમ ધૂળ! શેરીમાં ધૂળ ચૌટે ધૂળ, ભાગોળે ધૂળ!

વા વાયો ને ધૂળ ઊડી. ઊડી તે ઊડી!

## વા વાયા ને વાદળ ઊમટ્યાં.

વા વાયા ને વાદળ ઊમટ્યાં. વીજળી થઈ ને મે'ગાજ્યા: સબાક સબાક! ગડુડુડુ ગડુડુડુ!

ઘડીકમાં તૂટી પડ્યો. નેવાંમાં પાણી, ફળિયામાં પાણી, શેરીમાં પાણી, સીમમાં પાણી; ચારેકોર પાણી, પાણી!

નદીનાળાં ઊભરાઈ ગયાં, તળાવકૂવા છલી વળ્યા, ધરતીમાતા રેલી વળી.

વા વાયા ને વાદળ વીંખાયાં. વીજળી ગઈ ને મે' ઊકલ્યો. સબાક સબાક! ગડુડુડુ ગડુડુડુ!

ઘડીકમાં તો ઉઘાડ. એકે વાદળુ ન મળે!

સૂરજ દેખાયો ને કાચબી તાણી.

મોરબપૈયા ટૌક્યા.

ચકલીકાબર ઊડ્યાં.

---

ઊમટ્યાં=ઊખળ્યાં          કાચબી=મેઘધનુષ્ય

કોયલગાન કૂજ્યાં.
ચારેકોર લીલાલહેર.

ઝાડપાન લીલાં લીલાં;
ખેતરપાદર ભીનાં ભીનાં.

નાની નદી ચાલી જાય,
શેરીમાં એ રમતી જાય;
ખળખળ પાણી ચાલ્યાં જાય,
નાનાં છોકરાં નહાવા જાય.
નાહી નાહીને બહાર આવ્યાં,
ચૂંદડીબૂંદડી કરવા લાગ્યાં,
પરપોટાને ગણવા લાગ્યાં,
જૂનાં ગીતો ગાવા લાગ્યાં.
" આવ રે વરસાદ, ઘેબરિયો પરસાદ,
ઊની ઊની રોટલી ને કારેલાંનું શાક;
આવ રે વરસાદ, નેવલે પાણી,
નઠારાની છોકરીને દેડકે તાણી."

## વરસાદ વરસ્યો ને પૂર આવ્યું.

વરસાદ વરસ્યો ને પૂર આવ્યું. બે કાંઠા છલોછલ.

નવાં પાણી આવ્યાં, ડોળાં પાણી આવ્યાં;
હસતાં હસતાં આવ્યાં, રમતાં રમતાં આવ્યાં.

નાનાં છોકરાં કાંઠે નહાય,
મોટાં છોકરાં તરવા જાય.
મા દીકરી પાણી ભરે;
મોટી મોટી ભેંશો તરે.

ગાયનો ગોવાળ આવ્યો; ગાયો લાવ્યો.
ભેંશનો ગોવાળ આવ્યો; ભેંશો લાવ્યો.
બકરાંનો ગોવાળ આવ્યો; બકરાં લાવ્યો.
ઊંટનો ગોવાળ આવ્યો; ઊંટ લાવ્યો.
ત્રોહ ત્રોહ! પોહ પોહ!

ચકલી ચપચપ નહાય.
ચકલો છબછબ નહાય;

બ્રાહ્મણ હરહર નાહાય,

પાણી સરસર જાય.

ધોબીડો ધુએ છે, ખળખળ પાણી જાય છે.
ધોબીડો ધુએ છે, ખળખળ પાણી જાય છે.

* * *

ઉનાળો આવ્યો ને તડકા પડ્યા. બે કાંઠે રેતી ઊડે. જૂનાં પાણી સુકાયાં, આછાં પાણી સુકાયાં. રડતાં રડતાં ગયાં, બળતાં બળતાં ગયાં.

નાનાં છોકરાં ખાડે નાહાય;
મોટાં છોકરાં કૂવે નાહાય;
મા દીકરી પાણી ભરે;
વીરડે વીરડે પાણી મળે.

ગાયનો ગોવાળ શાનો આવે? પાણી વિના.
ભેંશનો ગોવાળ શાનો આવે? પાણી વિના.
ઊંટનો ગોવાળ શાનો આવે? પાણી વિના.
ત્રોહ ત્રોહ ત્રોહ શાનો બોલે? પાણી વિના.
પોહ પોહ પોહ શાનો બોલે? પાણી વિના.

ચકલી ધૂળમાં નહાય,
ચકલો ધૂળમાં નહાય,
બ્રાહ્મણ ઘેર બેઠા નહાય,
કાંકરા કડ કડ થાય.

ધોબીડો ધુએ નહિ,
ખળખળ પાણી જાય નહિ.
ધોબીડો ધુએ નહિ,
ખળખળ પાણી જાય નહિ.

* * *

પાછો વરસાદ વરસ્યો ને પૂર આવ્યું. બંને કાંઠા છલોછલ!

---

## આસપાસમાં

આકાશમાં વાદળાં છે. ક્યાંઈ સૂરજ દેખાતો નથી. અજવાળું ઝાંખું ઝાંખું છે. કોઈ વાદળાં

ચાલતાં દેખાય છે, કોઈ ચાલતાં નથી; કોઈ વાદળાં કાળાં છે, કોઈ જરા જરા ધોળાં છે.

કાબરનો કિલકિલાટ સંભળાય છે. પણે દૂર કાગડા કો કો કરે છે. પેલા ઝાડ પર કોયલ કુઊ....કુઊ....કરે છે. એક ટીટોડી ટ્વી ટ્વી કરે છે. કબૂતર આકાશે ઊડે છે.

પવન થોડો થોડો વાય છે. ઝાડનાં પાંદડાં હલે છે. નાનું નાનું ખડ પણ હલે છે. પવન નથી આવતો ત્યારે બધાં ઝા પાછાં સ્થિર થઈ જાય છે, શાંત ઊભાં રહે છે.

વરસાદના દિવસો છે, જમીન બધી લીલી લીલી થઈ ગઈ છે. કોઈ કોઇ પક્ષીઓ એના ઉપર બેસી ઊડી જાય છે.

પેલો ભરવાડ ગાયોને લઈ સીમ ભણી જાય છે. પણે સાદુળની દીકરી દૂધ લઈને નીકળી છે. પેલી સડક ઉપર બે ગાડાં ખેતરે જાય છે.

—x—

# વરસાદ

વરસાદની રાહ જોવાતી હતી, કાગને ડોળે રાહ જોવાતી હતી. વળી ક્યાંઈક નહિ આવે ને દુકાળ પડશે તો? માણસનું તો ઠીક પણ ઢોરઢાંખરનું શું થશે? ખડ અને પાણી વિના મૂંગાં પ્રાણી મરી જશે.

એટલામાં વા વાયો ને વાદળાં ઊમટ્યાં. જાણે મોટા લશ્કરના ઉપરીએ મોટું રણશિંગું ફૂંક્યું. ચારેકોરથી વાદળાં ભેગાં થવા લાગ્યાં. ભેગાં થઈને ગોઠવાવા લાગ્યાં. થર ઉપર થર જામી ગયાં. આભ આખું ઘેરાઈ ગયું. કાળું શ્યામ થઈ ગયું.

પક્ષીઓ માળે જવા લાગ્યાં. ઢોરઢાંખર, બકરાંબાકરાં પાછાં વળ્યાં. સીમ અને રસ્તા ઉપર, ઘરમાં ને બહાર, અંધારપછેડો પથરાયો.

આ ઘડીએ વરસાદ તટી પડશે—ને વરસાદ તૂટી પડ્યો. તૂટી પડ્યો એટલે તૂટી જ પડ્યો!

અદ્ધરથી તૂટીને નીચે જ પડ્યો. નીચે એટલે છાપરા પર, સડક પર, સીમ પર, ગામ પર, ગાડાં પર, ખાડા પર: ઉપર, ઉપર ને ઉપર: પડ્યો, પડ્યો ને પડ્યો!

નળિયાં ઊભરાઈ ગયાં, ખાડા ભરાઈ ગયાં, નીકોનાળાં છલી વળ્યાં. જ્યાં દેખો ત્યાં પાણી, પાણી ને પાણી! આખી ધરતી જળબંબોળ, જળબંબોળ!

વરસાદ વરસતો હતો, એકધારો વરસતો હતો, એક શ્વાસે વરસતો હતો, ધમધોકાર વરસતો હતો. ત્યાં વા વાયો ને તોફાન ઊપડ્યું.

વા અને વરસાદ, એકને બદલે બે થયાં. એક ઝપાટો, બે ઝપાટા, ચાર ઝપાટા; ઝપાટા ઉપર ઝપાટા. વા આમ વાય ને વરસાદ આમ વરસે; વા તેમ વાય ને વરસાદ તેમ વરસે. ચારેકોર ભીનું ભીનું. એકે ઓશરી ખાલી ન મળે. એકે ભીંત કોરી ન મળે!

---

છલી વળ્યાં=ઊભરાઈ ગયાં

દિવસ અને રાત સૂ, સૂ, સૂ! કાન પડ્યું ન સંભળાય. કામ તો સૂઝે જ શાનું? બારી ને બારણાં ઉઘાડો તો પાણીના ઝપાટા ઠેઠ ઓરડામાં પેસી જાય, ને ઘર પલાળે. ન ઉઘાડો તો અંધારું, અંધારું!

ઉપરથી ટપક ટપક ટપક ચૂવાનું તો ચાલુ જ હતું. એમાં વળી ઝાપટ લાગી ને નળિયાં ખસ્યાં. નર્યા ચૂવા ચૂવા! ગાદલાં ઉપર એક ચૂવો, પાટ ઉપર બે ચૂવા, ઓશરીમાં ચાર ચૂવા, રસોડામાં પાર વિનાના. ચૂલામાં રાખ ભીની. ઓરડીમાં છાણાં ય ભીનાં, બાકસમાં દીવાસળી પણ ભીની; માથું ભીનું, પગ ભીના, કપડાં ભીનાં; એની તો કાંઈ વાત નહિ!

એ પવન ને એ વરસાદ! ત્યાં છત્રીનાં કામ નહિ. આ જરાક ચાલ્યા કે છત્રીનો કાગડો. ત્યાં ગૂણિયાના યે ભાર નહિ. આ જરાક ફર્યા કે ગૂણિયું પાણીથી રસબોળ. ત્યાં ધાબળા કામળાના યે શા દે'ન? આખરે તો એ બિચારા

---

દે'ન=મગદૂર; તાકાત

ભીના ભીના. ને ભીના એટલે તો બે મણનો ભાર ઉપાડવો. વરસાદમાં રેઈન-કોટ કેટલું કરે? એ ય બિચારો મોળો નીવડ્યો, ત્યાં તો એમ હતું કે કાં તો ઘરમાં બેસો ને કાં તો આમ ભીના ફરો!

વરસાદ પડ્યા જ કરતો હતો. વા વાયા જ કરતો હતો. હલી હલીને ઝાડપાન થાકી ગયાં; નાહી નાહીને ટેકરા-ટેકરી ધરાઈ ગયાં; ભરાઈ ભરાઈને નદીનાળાં ઉભરાઈ ગયાં; પલળી પલળીને કરા-ભીંતો પોચાં થયા.

જોરથી વા વાયો ને એક ભીંત પડી: કુડુડુ ભુસ. ઈંટનો મોટો ઢગલો. છાપરું અધ્ધર લટકી રહ્યું. બીજી ભીંત તૈયાર હતી; ત્રીજી ભીંતે ય તડ પડી. એક ઘર નહિ પણ ઘણાં ઘર; નાનાં ઘર ને મોટાં ઘર, માળવાળાં ને બેઠેલાં, એમ બસો ઘર બેસી ગયાં. શું પવનનું જોર! શો વરસાદનો મારો! સારું થયું કે કોઈ દબાયું નહિ કે કોઈ મરી ન ગયું.

---

રેઈન-કોટ=વરસાદમાં ન પલળવા માટે પહેરવાનો મોટો લાંબો કોટ.

વરસાદ ને વા ! જવું યે ક્યાં ને બેસવું યે ક્યાં ? સૌ સૌના ઘરમાં ઘડીક આમ જાય ને ઘડીક તેમ જાય. ઘરમાં બેઠાં યે લખવું વાંચવું, કે ભરવુંગૂંથવું, કે રમવુંકરવું સૂઝે તો કે ? એક રાંધ્યા વિના ને બહાર ગયા વિના ન ચાલે.. અણછૂટકે એ કરવું પડે.

એક નાનાં છોકરાં ગમ્મતમાં. એને મન નવી નવાઈ. ઘડીક બહાર જાય ને ઘડીક ઘરમાં આવે. વારે વારે પલળીને આવે ને બા-બાપાનો ઠપકો સાંભળે. વારે વારે ભીનાં થાય ને વારે વારે કોરાં. તો યે પાછા એ ભગવાન એના એ ! છોકરાંની જાત ! ઘર પડ્યું ને ક્યાં રાંધવું ? છોકરાંને એની શી ચિંતા ? ચૂવા થાય છે ને સૂશું ક્યાં ? છોકરાંને એની શી ફિકર ? એ તો ભૂખ લાગે ત્યારે ખાવા માગે ને ઊંઘ આવે ત્યારે સૂવાનું પૂછે.

વરસાદ તે કાંઈ વરસ્યો ! બધા ય કહે : "હવે તો ભાઈ રહે તો સારું. આ ભીનાડું

---

ભીનાડું=ચારે તરફ ભીનું હોવું તે

હવે તો નથી ખમાતું ! આ ભીનાં લૂગડાં સૂકવવાં કેમ ? આ ગાદલાં-ગોદડાં ગારા જેવાં ને સૂવું કેમ ? આ આખો દહાડો અંધારું તે કેમ ગમે ? આ દિવસ આખો ટપક ટપક ને ટપક; ખડખડ ભડભડ; સૂ, સૂ ને સૂ. આ તો ભાઈ કંટાળ્યા ! આમાં પગ પણ ક્યાં દેવો ? જ્યાં જુઓ ત્યાં ગારો, ગારો ને ગારો. આ તો ભાઈ કંટાળ્યા !

થાક્યાપાક્યા સૂઈ ગયા. રાત આખી વરસ્યા કર્યું. ધરાઈ ધરાઈને વરસી લીધું. વા બદલ્યો ને વાદળાં વીંખાયાં. ધીમે ધીમે વરસાદ વરસવા લાગ્યો. ટપક ટપક ટપકવા લાગ્યો. ફણ ફણ આવવા લાગ્યો. છેવટે તો સાવ બંધ પડ્યો. વાદળાં ખસી ગયાં; આભનો રંગ બદલાયો. કાળો મટી ધોળો થયો; ઘેરો મટી આછો થયો.

આંખ ઊઘડી. અવાજ ન હતો; ટપટપાટ ન હતો. નળિયામાંથી તેજ આવતું હતું. ઝાંખાં ચાંદરણાં પડતાં હતાં.

હાશ ! સૂરજ ભગવાન ઊગ્યા લાગે છે. હાશ ! મેઘરાજ રહી ગયા છે. હાશ ! પવનરાજ પડી ગયા છે.

ઊઠીને બહાર ગયા. સૂરજનારાયણ ઝાંખા ઝાંખા ઝળકતા હતા. નવી નવી હૂંફ લાવતા હતા. ભીની ટાઢ ઉડાડતા હતા.

ઝાડપાન ડોલી રહ્યાં, ધરતીમાતા હસી રહ્યાં, માણુસ બધાં મલકી રહ્યાં, છોકરાંછયાં કૂદી રહ્યાં.

સૂરજ ઊગ્યો, સરજ ઊગ્યો, સૂરજ ઊગ્યો !

## વરાપ થયો

વા વાયા ને વાદળાં વીંખરાયાં. સૂરજ ઊગ્યો ને તડકો આવ્યો.

વરાપ થયો, વરાપ થયો, વરાપ થયો ! બધાં ખુશખુશ થઈ ગયાં.

વરાપ=વરસાદ પછીનો ઉઘાડ

નાંનાં છોકરાં કૂદાકૂદ કરતાં ઘર બહાર દોડયાં અને રેતીમાં કૂબા કરવા માંડયાં; નાના નાના પાણી ભરેલા ખાડામાં કાગળની હોડી તરાવવા લાગ્યાં; ઝીણી ઝીણી કાંકરીઓ નાખી પાણીમાં કૂંડાળાં પાડવા લાગ્યાં.

ધરતી સુકાવા લાગી, કપડાં કોરાં થવા લાગ્યાં, ખેતર સૂકું થવા માંડ્યું, ગામનો ગારો ને સીમનાં પાણી પણ સુકાવા લાગ્યાં. ચારેકોર ઊનું ઊનું થવા લાગ્યું.

માળામાંથી ચીં ચીં કરતી ચકલી ને ઘૂઘૂ....ઘૂ કરતું હોલું નીકળ્યું. ચકલી ઇયળો શોધવા લાગી; હોલું તડકામાં છાપરે બેસી 'તેજી કુઈ, તેજો કુવો' બોલવા માંડ્યું.

કાગડા નીકળ્યા, કોયલો નીકળી, મોર ટૌક્યા, બુલબુલ બોલ્યાં, પોપટ ઊડ્યા, મેના ઊડી. ચારેકોર ઊડાઊડ થઈ રહી. નાના નાના છોડ નાચ્યા, મોટાં મોટાં ઝાડ વીંઝ્યાં. ચારેકોર નાચાનાચ ને ડોલાડોલ થઈ રહી.

પતંગિયાંનો મેળો મળ્યો : ઊડાઊડ અને

દોડાદોડ ચાલી: આ ફૂલેથી પેલે ફૂલે ને પેલે ફૂલેથી આ ફૂલે; કેટલી ય જાતનાં પતંગિયાં આવી ચડ્યાં.

કોણ જાણે ક્યાંથી યે આવ્યાં હશે. કોણ જાણે કેવી રીતે એના રંગો થયા હશે. કોણ જાણે કોણે એની સુંદર પાંખો બનાવી હશે.

કીડીઓ તો ચારેકોર ઊભરાઈ જ નીકળી. દરમાં પાણી પેસી ગયું હતું એટલે બિચારી ઘર ફેરવતી હતી. કોઈકે કણ ઉપાડ્યા હતા, કોઈકે ફૂદડાંની પાંખ ઉપાડી હતી, કોઈકે ગોગલો ઉપાડ્યો હતો; કેટલી યે કીડીઓ તો મોઢામાં પોતાનાં ઈંડાં લઈને ચાલી જતી હતી.

નાનાં નાનાં મખમલિયાં, કાળી કાળી ભરવાડો ને ઝીણાં ઝીણાં જીવડાં ચાલી મળ્યાં હતાં.

ગાયો ચરવા નીકળી, ભેંશો તપવા બેઠી, બકરાંમેંઢાં બેં બેં કરી કૂદવા લાગ્યાં, ભરવાડ લાંબો પડીને તડકામાં તાપવા લાગ્યો.

ચારેકોર ગેમે થઈ રહ્યું હતું…
ચારેકોર હૂંફાળું હતું..
ચારેકોર ઊનું ઊનું હતું.
વરાપ થયો હતો.

## ટેકરીની સમૃદ્ધિ

ટેકરા–ટેકરીના કાંકરા–કાંકરીઓ,
આવળ–બાવળનાં ફૂલડાં,
થોર–આકડાનાં ડીંડલાં,
ઊંધીફૂલી ને સૂર્યમુખી,
કણુજર-કાકો ને તાંદળજો,
પીળી વેલ ને ભૂખરી વેલ,
કીડામાર ને ગોખરુ,
ચીભડાજી ને ભીંડાજી,
કૂતાં, બોરડી ને ભોરીંગણી,
કેરડાં ને કુંવાર,
અડદાળો ને પીતપાપડો :

ગેમે=આનંદ; મજા

આ બધી છે ટેકરીની સમૃદ્ધિ—
કુદરતે વેરેલી: છૂટે હાથે આણેલી.

એનું છે આ મંડળ,
એનો છે આ શણગાર,
એની છે આ ગોઠવણ,
એની છે આ ઉજાણી,
એનો છે આ જલસો!

નર ને આ નારીઓ!
બાળકો ને આ બાળકીઓ!
જોશો ને વખાણશો.

## મારું ઘર ગામ બહાર છે:

મારું ઘર ગામ બહાર છે. ઘર એટલે એક લાંબો એવો ઓરડો. એને એટલી બધી બારીઓ છે કે કોઈ એને બારીઓનું ઘર કહે.

ઓશરીમાં ઊભો રહું તો દૂર દૂર દરિયો દેખાય. એક વહાણ આમ જતું હોય અને

બીજું વહાણુ આમ જતું હોય. બેઉ વહાણુ સામેસામે આવે ત્યારે એક જ વહાણુ દેખાય. મોટી આગબોટ આવી હોય ને કાળા ધુમાડા કાઢતી હોય, ત્યારે દરિયા પરનું આકાશ કાળી છત બની રહે.

દરિયાના રંગો વખતે વખતે બદલાય. સવારે ઊગતા સૂરજના તડકામાં આછાં ગુલાબી મોજાં ઊછળે. તડકો તપે એટલે દરિયો રૂપેરી ચાદર બને. સૂરજ માથે આવે ત્યારે દરિયો બીજું આકાશ થાય. પાણી બધાં ભૂરાં ભૂરાં દેખાય. ટાઢો નમે એટલે દરિયાનાં ડહોળાં પાણી ચળકે. સાંજ પડે, સૂરજનાં કિરણો નાની મોટી ટેકરીઓ રંગે, ઝાડનાં પાંદડાંને છેલ્લો પ્રાણ આપે, ત્યારે દરિયાનાં પાણી કંઈક લાલ, કંઈક ભૂરાં ને કંઈક વિવિધરંગી એવાં દેખાય.

ઓશરીની કોર ઉપરથી આ બધું દેખાય. રાત પડે ને ઓશરીની કોર ઉપર ઊભો રહું તો અંધારી રાતે દરિયો પણ અંધારો. કાળી

છત=ચંદરવો

જમીન, કાળું પાણી, કાળાં ઝાડ, કાળું આકાશ: બધું કાળું કાળું.

પૂનમની રાતે જાણે દરિયાનાં પાણી રૂપાએ રસેલાં. પાછલી રાતના ઊગતા ચંદ્રના પ્રકાશમાં દરિયો આછો ધોળો. ઝાંખો ભૂરો લાગે. આગલી રાતમાં ચોથ પાંચમની ચાંદનીમાં દરિયાનાં પાણી સહેજ ઓછાં ચળકે.

પાછલી બારીએ ઊભો રહું તો દૂર દૂર ડુંગરની હાર દેખાય. ઉનાળાની બપોરે એની સામે ય કોણ જુએ? આંખો બળી જાય. ઝાડપાન, પશુપંખી, બધું તપતું હોય. ડુંગરા તો તપી તપીને તપી ઊઠ્યા હોય.

પણ શિયાળાની સવારે જુઓ તો ઉપર ભૂરું આકાશ ને સામે ભૂરી ડુંગરમાળ: આંખને આરામ આપે.

ચોમાસામાં ડુંગરની શોભા ઓર થાય! ઘરથી તે ડુંગર સુધીની ધરતી લીલી લીલી. ડુંગર જાણે લીલો. ચારેકોર લીલું લીલું. બારીમાંથી જાણે જોયા જ કરું. એમ તો સાંજ, સવાર,

બપોર, મધરાત, ડુંગરા જુદાજુદા જ દેખાય.

મારું ઘર ગામ બહાર છે, દૂર દૂર છે. બારીઓ તો એટલી બધી કે કોઈ તો એને બારીનું જ ઘર કહે.

ત્યાંથી દરિયો ને ડુંગરા જોઉં છું. એ મારા આરામ છે, એ મારા વિરામ છે.

# શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

## ૮૦ પુસ્તકો

**સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન**

(વિગતવાર સૂચિપત્ર મગાવો)

*

૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભું હતું
૪ હજામડી
૫ કબાટ
૬ બાળકોનો બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો-૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો અને રાક્ષસ
૧૭ રૂપસિંહ ને રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ

## શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : એકંદર ૮૦ પુસ્તકો


૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો-૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજીભાઈપડીગયા!
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને-
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાળ્ય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળકોનો બીરબલ-૨
૫૪ છેટાં રે'જો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળા બેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓતરાતી દીવાલો-૧
૬૨ ઓતરાતી દીવાલો-૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત-મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

બાળવાર્તાઓ ૧ થી ૫ ... ... સેટના ... ૧૦-૨૫
બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... ... ,, ... ૨-૦૦
બાલસાહિત્ય માળા (૮૦ પુસ્તકો) ... ,, ... ૪૦-૦૦
બાલસાહિત્ય ગુચ્છ (૨૫ પુસ્તકો) ... ,, ... ૧૪-૦૦
બાલસાહિત્ય વાટિકા-૧ (૩૨ પુસ્તકો) ,, ... ૪૨-૫૦
બાલસાહિત્ય વાટિકા-૨ (૧૬ પુસ્તકો) ,, ... ૨૩-૫૦

| | |
|---|---|
| કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦ |
| રખડુ ટોળી ... ૫-૦૦ | ભગવાન બુદ્ધ ... (છપાશે) |

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

મહાભારતનાં પાત્રો (૧૩ પુસ્તકો) ... સેટના ... ૨૦-૫૦
રામાયણનાં પાત્રો (૬ પુસ્તકો) ... ,, ... ૧૨-૦૦
હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ ,, ... ૫-૫૦

| | |
|---|---|
| શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૫૦ |

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

| | |
|---|---|
| સાગરસમ્રાટ ... ૩-૫૦ | પાતાળ પ્રવેશ ... ૨-૫૦ |
| સાહસિકોની સૃષ્ટિ ૬-૦૦ | ખજાનાની શોધમાં ૩-૦૦ |

## પાંચ વિશિષ્ટ ગ્રંથાવલિઓ

બાલરંજનમાળા...લે૦ શ્રીકાન્ત ત્રિવેદી ... સેટના ૧૫-૦૦
સુબોધ ગ્રંથાવલિ...લે૦ જીવરામ જોષી ... ,, ૧૦-૦૦
સોટી-પોઠી (૩૦ પુસ્તકો)લે૦ ધનંજય શાહ ,, ૪૭-૫૦
જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા ,, ૭-૫૦
નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... ,, ૮-૦૦

**આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨ અમદાવાદ-૧**

કવર શ્રી પ્રબોધ પ્રિન્ટરી, સોનગઢ